# સારા માણસની શોધ



એક ધનવાન માણસે મંદિર બંધાવ્યું. મંદિરમાં ભગવાનની પૂજા કરવા માટે એક પૂજારી પણ રાખ્યો. મંદિરના ખર્ચ માટે જમીન, ખેતરો, વાડી, બગીચાઓ વગેરે મંદિરના નામે કર્યાં. એમણે આ મંદિરમાં એવી વ્યવસ્થા કરી હતી કે મંદિરમાં કોઈ ભૂખ્યો માણસ, ગરીબ, દુ:ખી અથવા તો સંત આવે તો મંદિરમાં બે-ચાર દિવસ રોકાઈ શકે અને તેમના ભોજન માટે ભગવાનનો પ્રસાદ મંદિરમાંથી જ મળી શકે. આ પ્રકારે આ મંદિર ખૂબ સારી રીતે કાર્યરત થયું. હવે આ ધનવાન માણસને એક એવા માણસની જરૂરિયાત હતી કે જે મંદિરની સંપત્તિની વ્યવસ્થા કરે અને મંદિરનાં બધાં જ કામોને સારી રીતે ચલાવે.

ગામના લોકોને ખબર પડી કે ધનવાન માણસ એક સારા માણસની શોધ કરી રહ્યા છે. તેથી ઘણા લોકો આ ધનવાન માણસ પાસે આવ્યા. તે લોકો એવું માનતા હતા કે આ મંદિરની વ્યવસ્થાનું કામ જો મળી જાય તો પગાર સારો મળશે. પરંતુ આ ધનવાન માણસે બધાને પાછા મોકલી દીધા. તે બધાને કહેતા હતા , "મારે એક સારો માણસ જોઈએ છે, હું તેને જાતે જ શોધી કાઢીશ."

આથી પાછા ફરેલા લોકો આ ધનવાન માણસને ગાળો બોલવા લાગ્યા ઘણા લોકો તો તેને ગાંડો અથવા મૂર્ખ ગણતા હતા. પરંતુ આ ધનવાન માણસ કોઈની વાત ઉપર ધ્યાન આપતો ન હતો. જ્યારે મંદિરના દરવાજા ખુલે અને લોકો મંદિરમાં દર્શન કરવા માટે આવે ત્યારે તે ધનવાન માણસ પોતાના મકાનની અટારી ઉપર બેસીને મંદિરમાં આવવાવાળા લોકોને ધ્યાનથી બોલ્યા ચાલ્યા વિના જોયા કરતો હતો.

એક દિવસની વાત છે. એક માણસ મંદિરમાં દર્શન કરવા માટે આવ્યો. એના કપડાં મેલાં અને ફાટેલાં હતાં. તે ઘણું ભણેલો હતો, પણ લાગતો ન હતો. જ્યારે તે ભગવાનનાં

દર્શન કરીને જતો હતો ત્યારે તે ધનવાન માણસે તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું – "શું તમે આ મંદિરની વ્યવસ્થા સંભાળવાનું કામ કરશો ?"

ધનવાન પુરુષનાં આવાં વચનો સાંભળી આ માણસ તો આશ્ચર્યમાં પડી ગયો. એણે કહ્યું- "હું તો ઘણું ભણેલો પણ નથી, હું આ મંદિરનો વહીવટ કેવી રીતે કરી શકીશ ?"

ધનવાન માણસે કહ્યું- "મારે ઘણો વિદ્વાન માણસ નથી જોઈતો. હું તો એક સારા માણસને વ્યવસ્થા સોંપવા ઈચ્છું છું. મારે આ મંદિરના વહીવટ માટે સારા માણસની જરૂર છે."

આવું સાંભળી એ માણસે પૂછ્યું- "તમે આટલા બધા માણસોમાં મને જ સારો માણસ કેવી રીતે માન્યો ?"

ધનવાન માણસે કહ્યું –" હું જાણું છું કે તમે ભલા માણસ છો. મંદિરના રસ્તામાં એક ઈંટનો ટુકડો દટાયેલો રહી ગયો હતો. અને એનો એક ખૂણો ઉપર નીકળેલો હતો. હું અહીં બેઠો-બેઠો ઘણા દિવસથી જોતો હતો કે આ ઈંટના ટુકડાની અણીથી ઘણાને ઠોકર વાગતી હતી. લોકો પડતા હતા, લંગડાતા હતા અને પછી ઊઠીને ચાલવા માંડતા હતા. પરંતુ તમને આ ટુકડાથી ઠોકર વાગી નહીં , તો પણ તમે આ ઈંટનો ટુકડો ઉખાડવાનો પ્રયત્ન કર્યો. હું જોઈ રહ્યો હતો કે તમે મારા મજૂર પાસેથી કોદાળી માગીને લઈ આવ્યા અને આ ઈંટના ટુકડાને ખોદીને ત્યાંની જમીન સરખી કરી દીધી હતી".

ધનવાન વ્યક્તિની વાત સાંભળી તે માણસે કહ્યું- "આમાં મેં કંઈ નવાઈનું કામ કર્યું નથી. રસ્તામાં પડેલાં કાંટા, કાંકરા અને ઠોકર વાગવા લાયક પથ્થર, ઈંટોને દૂર કરવા એ તો દરેક માણસનું કર્તવ્ય છે."

ધનવાન માણસે કહ્યું- "પોતાના કર્તવ્યને સમજનાર અને સમજીને તેનું પાલન કરનાર વ્યક્તિઓ જ સારા માણસ હોય છે."

એ માણસ મંદિરનો વહીવટદાર બન્યો અને ઉત્તમ વહીવટ કરી દેખાડયો.

-દિનેશકુમાર પ્રજાપતિ (સંસ્કાર પુષ્પ)